# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-12-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

---

1. પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશના ખજૂરાહોમાં થોડીવારમાં અનેક વિકાસ પરિયોજનાઓની ભેટ આપશે
2. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દિલ્હી સ્થિત સદૈવ અટલ સમાધિ સ્થળ પર પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીની 100મી જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી.
3. સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં દસ હજારથી વધુ નવી રચાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ રાષ્ટ્રને સમર્પિત કરશે.
4. પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતના કરેલા હવાઈ હુમલામાં 15 લોકોના મોત.
5. સંતોષ ટ્રોફી ફૂટબોલની ક્વાર્ટર ફાઈનલમાં પશ્ચિમ બંગાળનો મુકાબલો ઓડિશા જ્યારે દિલ્હીનો મુકાબલો મણિપુર સાથે થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PM - MADHYA PRADESH*

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી થોડીવારમાં મધ્યપ્રદેશના ખજુરાહોમાં અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે.

શ્રી મોદી કેન-બેતવા રિવર નેશનલ લિન્કિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે, જે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજના અંતર્ગત દેશની આ પ્રથમ નદી જોડો યોજના છે.

અટલ બિહારી વાજપેયીની જન્મશતાબ્દી નિમિત્તે શ્રી મોદી ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડશે. તેઓ ગ્રામ પંચાયતો માટે એક હજાર 153 અટલ ગ્રામ સુશાસન ભવનોનો શિલાન્યાસ પણ કરશે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે આ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, નદી જોડો યોજનાથી જ રાષ્ટ્રનો વિકાસ સંભવ છે.

હાલ ચાલી રહેલા આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ, મુખ્યમંત્રી ડો.મોહન પણ ઉપસ્થિત રહ્યા છે.

## *SADAIV ATAL MEMORIAL*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સંરક્ષણમંત્રી રાજનાથસિંહએ આજે દિલ્હીમાં સદૈવ અટલ સ્મારક ખાતે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની 100મી જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ અને કેન્દ્રીય મંત્રી અને ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ પણ અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ આપી હતી.

## *PM - ATAL ARTICLE*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી અસંખ્ય લોકોને પ્રેરણા આપનાર મુઠ્ઠેરી ઉંચા રાજનેતા હતા.

શ્રી વાજપેયીને તેમની 100મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપતાં શ્રી મોદીએ કહ્યું કે 21મી સદીમાં ભારતના વિકાસના શિલ્પકાર તરીકે રાષ્ટ્ર હંમેશા અટલજીનો આભારી રહેશે. જુદા જુદા અખબારોમાં પ્રકાશિત થયેલા એક લેખમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે વિનમ્ર શ્રી વાજપેયીએ સામાન્ય નાગરિકના સંઘર્ષ અને અસરકારક શાસનની પરિવર્તનશીલ શક્તિનો અહેસાસ કર્યો હતો.

પ્રધાનમંત્રી  મોદીએ કહ્યું કે 11મી મે, 1998ના રોજ ભારતે ઓપરેશન શક્તિ હેઠળ પોખરણ પરીક્ષણ કરીને ભારતના વૈજ્ઞાનિકોના સાહસનો વિશ્વને પરિચય કરાવ્યો હતો..

## *PM MALAVIYA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પંડિત મદન મોહન માલવિયાને તેમની જન્મજયંતિ પર યાદ કર્યા હતા..પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કરીને લખ્યું હતું કે પંડિત મદન મોહન માલવીયજીને તેમની જન્મજયંતિ પર કોટિ-કોટિ વંદન. તેઓ એક સક્રિય સ્વાતંત્ર્ય સેનાની હોવા ઉપરાંત તેઓ સમગ્ર જીવન દરમિયાન ભારતમાં શિક્ષણના પ્રણેતા રહ્યા. દેશ માટે તેમનું અતુલ્ય યોગદાન હંમેશા પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે."

## *SHAH---AGRICULTURE-COOPERATIVE*

સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં દસ હજારથી વધુ નવી રચાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ રાષ્ટ્રને સમર્પિત કરશે.

તેઓ રાષ્ટ્રીય સહકારી પરિષદમાં નવી રચાયેલી સહકારી મંડળીઓને નોંધણી પ્રમાણપત્રો, રુપે કિસાન ક્રેડિટ કાર્ડ્સ અને માઇક્રો એટીએમનું વિતરણ પણ કરશે. આનાથી પંચાયતોને ધિરાણની સુવિધા મળશે, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન મળશે અને ગ્રામજનો માટે યોજનાઓનો લાભ મેળવવાનું સરળ બનશે.

નવી પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ ગ્રામીણ વિસ્તારોમાં સહકારી સંસ્થાઓના વિકાસમાં મદદરૂપ થશે.. આ સમિતિઓ નાણાકીય સેવાઓ પ્રદાન કરશે અને ગ્રામીણ સમુદાયોને સાથે મળીને કામ કરવા માટે એક મંચ પણ પ્રદાન કરશે.

## *MAHILA SANMAN YOJNA*

દિલ્હી સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગે સ્પષ્ટતા કરી છે કે દિલ્હી સરકાર દ્વારા મુખ્યમંત્રી મહિલા સન્માન યોજનાને સૂચિત કરવામાં આવી નથી. એક જાહેર સૂચનામાં, વિભાગના સંયુક્ત નિયામકે કહ્યું કે તેને મીડિયા અહેવાલો દ્વારા માહિતી મળી છે કે એક રાજકીય પક્ષ મુખ્યમંત્રી મહિલા સન્માન યોજના હેઠળ મહિલાઓને દર મહિને બે હજાર એકસો રૂપિયા આપવાનો દાવો કરી રહ્યો છે. વિભાગે કહ્યું કે, કોઈપણ ખાનગી વ્યક્તિ અથવા રાજકીય પક્ષ કે જેઓ આ યોજનાના નામે અરજદારો પાસેથી ફોર્મ એકત્રિત કરી રહ્યા છે તે છેતરપિંડી કરી રહ્યા છે અને તેની પાસે કોઈ સત્તા નથી.

દિલ્હી ભાજપ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ આરોપ લગાવ્યો છે કે આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી મહિલા સન્માન યોજનાના નામે દિલ્હીની જનતા સાથે છેતરપિંડી કરી રહ્યા છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## *RAJASTHAN ACCIDENT*

રાજસ્થાનના કરૌલી-ગંગાપુર રોડ પર મંગળવારે રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. આ ઘટના સલેમપુર ગામ પાસે બની હતી, જ્યાં ઝડપથી આવતી બસે કારને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચેય લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. 15 લોકોની હાલત ગંભીર છે. કાર ગંગાપુરથી કરૌલી તરફ જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. સામેથી પુરપાટ ઝડપે આવી રહેલી બસે સીધી કારને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારને સંપૂર્ણ નુકસાન થયું હતું.

## *CHRISTMAS – GOA*

ગોવામાં ક્રિસમસની ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યપાલ પી. એસ. શ્રીધરન પિલ્લઈ અને મુખ્યમંત્રી પ્રમોદ સાવંતએ આ અવસર પર ગોવા વાસીઓને શુભકામના આપી છે. મુખ્યમંત્રી એ કહ્યું કે, ઇસુએ આપણને શાંતિ , કરુણા , ક્ષમા અને ભાઇચારાનો સંદેશ આપ્યો છે.

આ તકે અમારા ગોવાના સંવાદદાતા જણાવે છે કે, ગોવાવાસીઓ મતભેદોને બાજુ પર રાખીને આ તહેવારની ઉજવણી કરે છે. ક્રિસમસને કારણે ગોવાને રોશનીથી શણગારવામાં આવ્યું છે. ચેપલ અને ચર્ચોએ પણ શણગારાયા છે. ક્રિસમસ ટ્રી સજાવવામાં આવી રહ્યા છે. દર વર્ષની જેમ ગોવાની શેરીઓ પ્રવાસીઓથી ઉભરાઈ ગઈ છે.

## *PREZ VP PM-CHRISTMAS*

આજે સમગ્ર દેશમાં નાતાલના પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુરમુ , ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશવાસીઓને આ પર્વની શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે ક્રિસમસ ઇસુ ખ્રિસ્તના પ્રેમ, દયા અને કરુણાના ઉપદેશોની યાદ અપાવે છે. સુ શ્રી મુર્મુએ લોકોને ખુશી ફેલાવવા, સમાનતાને પ્રોત્સાહન આપવા અને સમાજમાં એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કર્યા.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડએ શુભેચ્છા પાઠવતા કહ્યું કે, આ આનંદનો અવસર છે. તેઓએ ઉમેર્યું હતું કે ક્રિસમસ શાંતિ અને સદ્ભાવનાનો સંદેશ લઈને આવે છે.

તો આ અવસર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ ભગવાન ઇસુ ખ્રિસ્તના ઉપદેશો દરેકને શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ બતાવે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## *AFGHANISTAN - KILLED*

પાકિસ્તાને ગઈકાલે મોડી રાત્રે અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતના બર્મલ જિલ્લામાં શ્રેણીબદ્ધ હવાઈ હુમલા કરતા ઓછામાં ઓછા 15 લોકો માર્યા ગયા છે. અફઘાન મીડિયા અનુસાર, આ હુમલાઓ પાકિસ્તાની તાલિબાનને નિશાન બનાવ્યા હતા અને પાકિસ્તાનની સરહદે આવેલા પક્તિકા પ્રાંતના પર્વતીય વિસ્તારમાં આ હુમલા કરાયા હતા. જોકે, પાકિસ્તાની અધિકારીઓએ આ હવાઈ હુમલાની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે પાકિસ્તાનના હવાઈ હુમલાની નિંદા કરતા કહ્યું કે તેઓએ નાગરિકોને નિશાન બનાવ્યા અને મોટાભાગના પીડિતો વઝીરિસ્તાન ક્ષેત્રના શરણાર્થીઓ હતા. આ હુમલો પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે થયો છે..

## *SANTOSH TROPHY – QF*

ફૂટબોલમાં, ઓડિશા અને દિલ્હીએ ડેક્કન એરેના ખાતે સંતોષ ટ્રોફી 2024-25 માટે 78મી સિનિયર મેન્સ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં છેલ્લી બે ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. આવતીકાલે પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં ઓડિશાનો મુકાબલો ગ્રુપ Aના વિજેતા પશ્ચિમ બંગાળ સાથે થશે. જ્યારે દિલ્હીનો મુકાબલો મણિપુર સામે થશે.

ઉલ્લેખનીય છે કે, મેઘાલય આઠ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે અને શુક્રવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન સર્વિસીસ સામે ટકરાશે. જ્યારે, 2021-22ની ચેમ્પિયન કેરળ જમ્મુ અને કાશ્મીર સાથે ટકરાશે. કેરળ ટુર્નામેન્ટમાં અજેય છે.

## *GUTERRES - INDIAN PEACEKEEPING*

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે બ્રિગેડિયર અમિતાભ ઝાને શ્રદ્ધાંજલિ આપી છે, જેમણે સીરિયા-ઇઝરાયેલ સરહદ પર શાંતિ રક્ષા દળનું નેતૃત્વ કર્યું હતું. સેક્રેટરી-જનરલના સહયોગી પ્રવક્તા સ્ટેફની ટ્રમ્પબેલીએ ગઈ કાલે કહ્યું હતું કે ભારતના બ્રિગેડિયર જનરલ અમિતાભ ઝાના અચાનક નિધનથી ગુટેરેસ ખૂબ જ દુઃખી છે. તેણીએ ઉમેર્યું હતું કે ઝાને તેમના નેતૃત્વ અને સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા માટેની પ્રતિબદ્ધતા માટે યાદ કરાશે.

બ્રિગેડિયર અમિતાભ ઝા, જેઓ ગોલાન હાઇટ્સમાં યુનાઇટેડ નેશન્સ ડિસેંગેજમેન્ટ ઓબ્ઝર્વર ફોર્સ (UNDOF) ના ડેપ્યુટી ફોર્સ કમાન્ડર તરીકે ફરજ બજાવતા હતા, તેમનું માદગીને કારણે અવસાન થયું છે. તેમણે તાજેતરમાં સીરિયામાં બશર અલ-અસદ સરકારના પતન પછી જટિલ સંજોગોમાં UNDOF ના કાર્યકારી ફોર્સ કમાન્ડર તરીકે સેવા આપી હતી.

## *RUSSIAN SHIP - SANK*

રશિયન સૈન્યના લોજિસ્ટિક્સ ફ્લીટમાં સૌથી મોટું કાર્ગો જહાજ, ઉર્સા મેજર, તેના એન્જિન રૂમમાં વિસ્ફોટ પછી ભૂમધ્ય સમુદ્રમાં ડૂબી ગયું હતું. રશિયન વિદેશ મંત્રાલયે ગઈકાલે પુષ્ટિ કરી હતી કે વિસ્ફોટને પગલે જહાજ આંતરરાષ્ટ્રીય જળસીમામાં ખોવાઈ ગયું હતું. બે ક્રૂ સભ્યો ગુમ છે, જ્યારે 14 અન્યને બચાવી લેવામાં આવ્યા હતા અને કાર્ટેજેનાના સ્પેનિશ બંદર પર લાવવામાં આવ્યા હતા.